ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૪-૧૧-૨૦૨૧, ગુરૂવાર



### સુજલામ સિંચાઈના પાણીથી નજીકના બોરકૂવાના તળ ઉંચા આવ્યા

## બાયડ-ધનસુરા-તલોદ તાલુકાની ૯૦૦૦ હેકટર જમીનમાં રવી પાકનું વાવેતર

(બાયડ બ્યુરો ઓફિસ) તા.૦૩ સુજલામ સુફલામ કેનાલમાં સિંચાઈ માટે પાણી છોડાતાં બાયડ-ધનસુરા-તલોદ તાલુકાની ૯૦૦૦ હેક્ટ રથી વધુ જમીનમાં રવી પાકના વાવેતરનો ધમધમાટ જોવા મળ્યો. છેલ્લા એક સપ્તાહથી કમાન્ડ એરીયા ના ખેતર માં ખેડૂતોની નોંધપાત્ર હાજરી જોવા મળે છે. જ્યારે મેઈંગ કેનાલ આસપાસના અનેક બોરકૂવી ઝડપથી રીચાર્જ થઈ રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડાયા પછી એરવેહલી જિલ્લાના ખેડૂતોએ રવી વાવેતરની તૈયારીઓ રાજી કરી છે. આ વર્ષે ઓછો વરસાદ પરંતુ કડાણા ડેમમાં પાણીની ભરપૂર આવે કે પછી સુજલામ કેનાલમાં પાણી છોડવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી સ્પેડીંગ કેનાલ બે કાંઠે વહી રહી છે જેના કારણો નજીકના બોરકૂવામાં પાનાં તળ ૨ થી ૪ ફૂટ ઉંચાં આવ્યાં છે. ધીમે ધીમે ઠંડીએ જમાવટ કરતાં ખેડૂતોએ સ જિલામ કેનાલમાં પાણી આવવાના કારણે બટાકા, ઘઉં, રાયડો, જીરુ, વરીયાળી સહિતના પાકના વાવેતર માટે ખે તરી તૈયાર કરી દીધા છે. જિલ્લાના બાયડ, ધનસુરા, તલોદ તાલુકાની ૯૦૦૦ હેક્ટરથી વધુ જમીનમાં ખેડૂતોને રવી વાવેતર માટે સિંચાઈનો લાભ મળતો. જે રીતે ખેડૂતોએ રવીવાવેતર માટે નિરાશા ખંખેરી ઉત્સાહ દશાવ્યો છે તે જોતાં બિયારણ અને ખાતર બજારમાં પણ ધીમે ધીમે ઘરાકી જામી રહી છે. કેટલાક ખેડૂતોએ જણાવ્યું કે દેશમાં ઋતુચક્રમાં નોટો બદલાવ આવ્યો છે, ભલે સુજલામ કેનાલમાં સિંચાઈ માટે પાણી છોડાયું હોય પરંતુ અમે નવેમ્બર ના મધ્ય ભાગ પછી શિયાળ ખેતી માટે વાવણી કરીશું પરંતુ અત્યારથી ખેતરી તૈયાર કરી રહ્યા છીએ.







### મોડે મોડે પ્રજાની સુરક્ષાની ચિંતા

## ઉત્તર ગુજરાતમાં ૭૦૦ જી.આર.ડી.ની ભરતી કરાશે

### પોલીસના સંકલનમાં રહી કામગીરી કરવા ૫ જિલ્લામાં ભરતીનું આયોજન

(બાયડ બ્યુરો ઓફિસ) તા.૦૩

ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ગ્રામ રક્ષક દળમાં જી.આર.ડી.ની ભરતી કરવાના અનુસંધાને જાહેરાત થતાં ઉમેદવારોએ તૈયારીનો આરંભી છે. પોલીસના સંક્લનમાં રહી કામગીરી કરવા ના આશયે વિભાગ દ્વારા સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસતંત્ર અને પાટણ જિલ્લામાં કુલ-૭૬૦૦ જી.આર.ડી.ની ભરતીથનાર હોવાનું જાણવા મળ્યું છે.

કાયદા વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પોલીસનું સંખ્યાબળ ઓછું પડી રહ્યું છે જેના કારણે મોટાભાગના જિલ્લામાં પોલીસ સાથે સંક્લનમાં રહીવિવિધ કામગીરી કરવા માટે હોમગાર્ડ ઉપરાંત જી.આર.ડી.ના જવાનોની મદદ લેવામાં આવતી હોય છે. ગ્રામ રક્ષક દળની ભરતીમાં ઉમેદવારોને ૨૦૦ દનિક હાજરી તેમજ ૪૩૦ મૂલગ ભાડું ચૂકવવામાં આવત હોય છે. છેલ્લા કેટલાક સમયથી પોલીસના કામનું ભારણ વધી ગયું છે જેના કારણે કાયદી વ્યવસ્થા ઉપરાંત તહેવારો સમયે બંદોબસ્ત માટે જી.આર.ડી. જવાનોની ખાસ્સી જરુરીયાત ઉભી થતાં હવે ભરતી બહાર પાડવામાં આવી છે. ધો.૭ પાસ ઉમેદવારો પા જી.આર.ડીમાં સામેલ થઈ શકે તેવી જોગવાઈ હોવાના કારણે હજારો ઉમેદવારોએ જી.આર.ડી.ની ભરતીની તૈયારી

ઓ આરંભી દીધી છે. ઉત્તર ગુજરાતના પજિલ્લામાં ૭૬૦૦ જેટલા જી.આર.ડીની ભરતી કરવાની હોવાથી વિભાગ દ્વારા પણ ખાસ આયોજન ગોઠવવામાં આવી રહ્યું છે. આગામી સમય માં ચૂંટણીનો માવી રહી છે અને બંદોબસ્ત સમયે વધુ જી.આર.ડ-જવાનોની જરુરીયાત ઉભી થાય તેમ જણાતાં હવે વિભાગે વિધિવત રીતે ભરતી પ્રક્રીયા જાહેર કરી છે.

**ઉત્તર ગુજરાતમાં જી.આર.ડી.ભરતી સંખ્યા**

| જિલ્લો | સંખ્યા |
|---|---|
| સાબરકાંઠા | ૧૨૫૦ |
| મહેસાણા | ૧૬૫૦ |
| પાટણ | ૧૨૫૦ |
| બનાસકાંઠા | ૨૨૦૦ |
| અરવલ્લી | ૧૨૫૦ |

### દર વર્ષે માર્ગ અકસ્માતમાં બટાકાતી ૩૫૦ જીંદગી

## મંત્રાલયનો નવો કાયદો - જિલ્લામાં નાનું બાળક મોટરસાયકલ ૪૦ કી.મી.ની ઝડપે વાહન હંકારાય

### માર્ગ અકસ્માતમાં મોતનું પ્રમાણ ઘટાડવા કેન્દ્ર સરકાર સજ્જ

બાયડ, તા.૦૩

જિલ્લામાં ઈમરજન્સી ૧૦૮ ની સારી સવલત છતાં દર વર્ષે માર્ગ અકસ્માતમાં ૩૫૦ થી વધુ જીદગીમો ભટકાઈ રહી છે. દેશમાં વધતા માર્ગ અકસ્માત અને મૃત્યુ દર વધતાં કેન્દ્રના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય નવો કાયદી અમલી બનાવ્યો છે અને જો તેનો અમલ થયો તો જિલ્લામાં ૪ વર્ષથી નાનું બાળક હોય તો મોટરસાયક્ત માત્ર ૪૦ કી.મીની ઝડપથીવધુ નર્ટી હંકારી શકાય તેમજ ૪ વર્ષથી નાના બાળક માટે પણ ફરજીયાત હેલ્મેટનો કાયદો અમલી બની શકે છે.

દિપાવલીનું પર્વ નજીકમાં છે. જિન્નાના નેશનલ, સ્ટેટ અને પંચાયતના હાઈવે છેત્તા એક સપ્તાહથી માર્ગ અકસ્માતનું પ્રમાણ વધત રક્તરંજીત બની રહ્યા છે જેના કારણે અનેક પરિવારો દિપાવલીનો ઉત્સાહ શોમાં ફેરવાઈ રહ્યો છે. ત્યારે માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટે, બા ળકોના મૃત્યુ દર પણ ઘટે તે માટે કેન્દ્રના વિભાગ દ્વારા બાળ મુસાફરો માટે કેટલાક સલામતીના પગલા લેવાઈ શકે છે જેમાં દરખાસ્તને કાયદા સ્વરુપ થશે તો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાના હજારો કી.મી. લાંબા માર્ગ ઉપર બાળક સાથે ઓવર સ્પીડમાં બાઈક હંકારવું ભારે પડી શકે છે. સૂચિત કરાયેલા જાહેરનામામાં જણાવાયું છે કે બાઈક પર બેસાડેલા ૯ મહિના કરતાં મોર અને ૪ વર્ષથી નાના



બાળક્ન કર જીયાત ક્રેસ હેભેટ પહેરાવવી પડશે અને બાઈકમાં બાળકને સાથે બેસાડવું હોય તો બાઈકની સ્પીડ ૪૦ કી.મી. કરતાં વધુ ગતિમર્યાદા ન હોવી જોઈએ કેન્દ્રના જવાબદાર મંત્રાલયનું સૂચિત જાહેરનામું યોગ્ય છે પરંતુ તે કાયદી બન્યા પછી પણ તેનો અમલ શું થઈ શકશે ખરો..?? આજે પણ જિલ્લાના મુખ્ય અને આંતર ગ્રામ્ય માર્ગો ઉપર હેભ્મેટ પહેર્યા વગર બાઈક ઉપર ૩ થી૪ સવારી જોવા મળે છે. પોલીસ આવા વાહનો થોભાવે છે પરંતુ પછી એ લાગણીમાં આવીને જતા કરે છે..?? તે સમજાતું નથી. સાબરકાંઠા, અરવલ્લીના ૩.૫૦ લાખથી પણ વધુ નાના દ્વિચક્રી વાહન ચાલકે ઉપર આ પ્રકારનો અંકુશ લાવવો અત્યંત અઘરો જણાઈ રહ્યો છે પરંતુ જાગ્રતતા આવશે તો પણ મંત્રાલયની સૂચિત દરખાસ્ત ક પદી બન્યા પછી અનેક પરિવારોના બાળકોની સલામતી જરુર જોવા મળશે.





### ગુજરાત સરકારના મંત્રી કુબેરભાઈ ડીંડોર એ ધનસુરા-વડાગામની મુલાકાત લીધી હતી

ધનસુરા ખાતે હિરેનભાઈ હીતેશભાઈ પટેલ (બાંધકામ સમિતિ ચેરમેન,અરવલ્લી જિલ્લા પંચાયત) ના ત્યાં આમંત્રણ ને માન આપીને ગુજરાત સરકાર ના મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર પધાર્યા હતા અને ભાજપ ના આગેવાનો સાથે મુલાકાત કરી હતી કુબેરભાઈ ડીંડોર ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો ના મંત્રી છે તેઓ એ ધનસુરા મુલાકાત લીધી હતી જેમાં હિરેન પટેલ(બાંધકામ સમિતિ ચેરમેન,અરવલ્લી જિલ્લા પંચાયત), કાંતિભાઈ પટેલ ડિરેક્ટર સાબરડેરી, અનિલભાઈ પટેલ (ટ્રસ્ટી શામળાજી મંદિર), અનિલભાઈ પટેલ (પૂર્વ ઉપપ્રમુખ, તાલુકા પંચાયત ધનસુરા),ભરતભાઈ પટેલ (પૂર્વ વાઈસ ચેરમેન એ.પી.એમ.સી ધનસુરા), છાયાબેન પટેલ,કિસાન મોરચા ના નવીન ભાઈ પટેલ,અવધેશ પટેલ (મહામંત્રી,અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા), જીગરભાઈ પટેલ, નરેદ્રભાઈ પટેલ, અતુલભાઈ બ્રહ્મભટ્ટ, ધવલ પટેલ, જગદીશભાઈ,હિમાંશુ પટેલ (યુવા મોરચા પ્રમુખ,ધનસુરા) સહિત ભાજપ ના અગ્રણીઓ અને કાર્યકર્તા ઓ ઉપસ્થિત રહ્યા હતા. વડાગામની મુલાકાતમાં હેમલતાબેન પટેલ (પૂર્વ પ્રમુખ સાબરકાંઠા જિલ્લા પંચાયત),અનિલભાઈ પટેલ (પૂર્વ પ્રમુખ ધનસુરા તાલુકા ભાજપ), જગદીશભાઈ ગોર (પ્રમુખ ધનસુરા તાલુકા ભાજપ),પટેલ નરેદ્રભાઈ મહામંત્રી ધનસુરા તાલુકા ભાજપ અને ભાજપ ના આગેવાનો અને કાર્યકર્તાઓ ઊપસ્થિત રહ્યા હતા.

## બનાસ બેંકની ૧૦ બેઠક બિનહરીફ ૯ પર ચૂંટણી જંગ

### અગાઉ છ બેઠક બાદ વધુ ચાર બેઠકો બિનહરીફ થઇ : નવ બેઠક પર ૨૧ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ

પાલનપુર તા.

બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના નિયામક મંડળના ૧૯ સભ્યોની ચૂંટણી ઉમેદવારી પત્ર પરત ખેંચવાના અંતિમ દિવસ સુધીમાં વિવિધ બેઠક પર ૬૮ ઉમેદવારી પત્ર પરત ખેંચાવાની સાથે દશ બેઠક બિન હરીફ થઈ છે જ્યારે નવ બેઠક પર ૨૧ ઉમેદવાર આમને સામને રહેતાં આ બેઠકો પર ચૂંટણી જંગ ખેલાશે.

બનાસકાંઠા જિલ્લાની અગ્રણી અને બનાસબેંક ના હુલામણા નામથી જાણીતી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વર્તમાન નિયામક મંડળના સભ્યોની મુદત પૂર્ણ થતાં નવા નિયામક મંડળની ૧૯ સભ્યોની નિયુક્તિ માટે ૧૨ નવેમ્બરના ચૂંટણી જાહેર કરાઈ છે જેમાં અગાઉ ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ૧૯ બેઠક માટે ૮૯ ઉમેદવારી પત્રો ભરાયા છે જેમાં સેવા સહકારી મંડળી વિભાગમાં ૭૨, ઈતર મંડળીમાં ૧૩, દૂધ ઉત્પાદન મંડળી વિભાગમાં ૩ અને સ્વ સહાય જુથમાં ૧ ફોર્મ ભરાયું જોકે કુલ ૧૯ બેઠકો પૈકી સાંતલપુર, વાવ,દાંતા,અમીરગઢ, થરાદ અને સ્વ સહાય જુથ -જાહેર ટ્રસ્ટ વિભાગમાં એક એક ઉમેદવારી પત્રો ભરાતા આ છ.

બેઠક બિન હરીફ થઈ હતી જે બાદ મંગળવારે ઉમેદવારી પત્ર પરત ખેંચવાના અંતિમ દિવસ સુધીમાં કુલ ૮૯ માંથી ૬૮ ઉમેદવારએ પોતાના ફોમ પરત ખેચતા રાધનપુર, ધાનેરા,કાંકરેજ અને ઈતર વિભાગની બેઠક બિન હરીફ થઈ છે જ્યારે વડગામમાં બે,પાલનપુર બે,ડીસા ત્રણ,દાંતીવાડા બે,લાખણી બે,સુઈગામ ભાભર દિયોદર ૨ અને ઈતર બેઠક પર ચાર ઉમેદવારો મેદાન ના રહેતા આ નવ બેઠક પર ચૂંટણી જંગ ખેલાય તેવા સમીકરણ રચાયા છે.

## ધાનેરાના વાછડાલ ગામમાં નજીવી બાબતે ૩ વર્ષના માસૂમ બાળકની હત્યા

### પંથકમાં અરેરાટી સાથે ચકચાર છવાઈ : મહિલા વિરુદ્ધ ગુનો દાખલ

પાંથાવાડા

ધાનેરા તાલુકાના વાછડાલ ગામમાં ધનતેરસની રાત્રે સામાન્ય બોલાચાલીમાં થયેલ હુમલામાં ૩ વર્ષના માસુમ બાળકનો ભોગ લેવાતા સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ચકચાર મચી જવા પામી છે.

સમગ્ર બનાવની વિગત એવી છે કે વાછડાલ ગામમાં રહેતા રમિલાબેન ઉમટ મંગળવારની રાત્રે ૮ વાગ્યાની આસપાસ ઘરની બાજુમાં આવેલ ભૈરવ બાપજીના મંદિર પાસે તેમણા ૩ વર્ષના દિકરા કાર્તિકને પેશાબ કરવા સારૂ લઈ ગયા હતા ત્યારે પેશાબ કરાવતી વખતે તેમની નજીક રહેતા અને કુંટુંબી નર્મદાબેન ઉમટ રમિલાબેન પાસે આવી કહેવા લાગ્યા કે 'તુ મારા બાપને કેમ તારા ઘરે બેસવા દે છે ?' ત્યારે રમિલાબેને પ્રત્યુત્તર આપતા કહ્યું કે 'તૂ તારા બાપને કેમ અમારા ઘરે આવવા દે છે તારા ઘરે રાખ ?' ત્યારે નર્મદાબેન ઉશ્કેરાઈ જઈને ગાળો બોલવા લાગતા રમિલાબેને ગાળો બોલવાની ના પાડતા નર્મદાબેન ઉશ્કેરાઈ જઈ ભૈરવ મંદિરમાં પડેલ ધૂપરાણુ રમિલાબેનને મારવા જતાં રમિલાબેન કાર્તિકને લઈ ઉભા થતાં તેને તેમણા ડાબા ખભા પર માર્યું હતું.

ત્યારબાદ ફરી મારવા આવતા રમિલાબેન પાસુ ફેરવતા તે ધુપરાણુ તેમના દિકરા કાર્તિકને માથાના ભાગ પર લાગતા તે લોહી લુહાણ થતાં રમિલાબેને બૂમો પાડતા તેમના પતિ અને અન્ય પરિવાર જનો આવી તેમને વધુ મારમાથી છોડાવ્યા. ત્યારબાદ રમિલાબેન પોતાના દિકરા કાર્તિકને કુંટુંબી ભત્રીજાના મોટરસાયકલ પર પાંથાવાડા સીએચસીમાં સારવાર માટે લઈ જતા ત્યાં હાજર તબીબે પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર માટે પાલનપુર સિવિલમાં લઈ જવાનુ કહેતાં પરિવારજનો એમ્બ્યુલન્સ મારફત બાળકને પાલનપુર સિવિલ લઈ ગયા હતા પરંતુ ત્યાં સારવાર દરમિયાન જ કાર્તિકનુ કરૂણ મોત થયું હતું. ત્યારબાદ રમિલાબેન પોતાના પરિવાર જનો સાથે બુધવારના રોજ પાંથાવાડા પોલીસ સ્ટેશન આવી નર્મદાબેન વિરુદ્ધ ફરિયાદ નોધાવતા પોલીસે ૩૦૨ મુજબ ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.

## બનાસકાંઠામા મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં ફુડ વિભાગના દરોડા

### વિવિધ શહેરની દુકાનોમાંથી ૩૫ શંકાસ્પદ ખાદ્ય પદાર્થની ચીજ વસ્તુના સેમ્પલ લેવાયા : દિવાળીના તહેવારોમાં અખાદ્ય સામગ્રીનું વેચાણ રોકવા ફુડ વિભાગ દ્વારા ચેકીંગ હાથ ધરાયુ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં દિવાળીના તહેવારોમાં અખાદ્ય ખાદ્ય સામગ્રી નું વેચાણ ભેળસેળ રોકવા જિલ્લા ફુડ વિભાગ દ્વારા જુદી જુદી ટિમો દ્વારા મીઠાઈ,ફરસાણ સહિતની દુકાનોમા દરોડા કરવામાં આવ્યા હતા જેમાં ૩૫ જેટલા સેમ્પલ ના નમૂના લઈ તેને ફુડ એનાલિસિસ માટે વડોદરા મોકલવામાં આવ્યા હતા.

બનાસકાંઠા ફુડ વિભાગ દ્વારા દિવાળીના છેલ્લા સપ્તાહમા ફુડ ઈસ્પેક્ટર સહિતની ટિમો દ્વારા મીઠાઈ,માવા અને ફરસાણની દુકાનોમા તપાસ હાથ ધરી હતી જેમા પાલનપુર,ડીસા, વડગામ,ધાનેરા,થરાદ, દાંતીવાડા અને ભાભર શહેર તેમજ તાલુકામા ફરસાણની દુકાનમાથી દિવાળીના તહેવારોમા મહત્તમ ઉપયોગી મીઠાઈ ,માવા અને ફરસાણ સહિતની શંકાસ્પદ ચીઝ વસ્તુઓ ના નમૂના લઈ તેને પૃથકરણ માટે વડોદરા ખાતે ફુડ એનાલિસિસ માટે મોકલી આપાયા હતા દિવાળીના તહેવારોમાં ફુડ વિભાગ ના દરોડા થી જિલ્લામાં ભેળસેળ કરતા વેપારીઓમા ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો

## શ્રી એન.એચ.શાહ હાઈસ્કૂલ બાયડનુ ગૌરવ

ચાલુ વર્ષ-૨૦૨૧માં લેવાયેલ નીટની પરીક્ષામા શાળાના ત્રણ



વિદ્યાર્થિઓ (૧) પટેલ હપ્પીબેન નવનીતભાઈ 551/720 (97.01 PR ) (૨) ઠકરાની શિવાની બાબુભાઈ 483/720 (93.48 PR ) (૩) પટેલ આદિત્ય રમેશભાઈ 454/720 (91.60 PR) જેમને પ્રથમ પ્રયત્ને ખુબજ સારૂં પરિણામ પ્રાપ્ત કરી શાળાનું



ગૌરવ અપાવ્યું છે પટેલ હેપ્પીબેન નવનીતભાઈ એ ચાલુ વર્ષે ગુજકેટની પરીક્ષામા ૧૧૬.૨૫/૧૨૦ માર્ક્સ મેળવી અરવલ્લી સાબરકાંઠા બન્ને જીલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવેલ હતો.

વિદ્યાર્થીઓને મેડિકલક્ષેત્ર પ્રવેશ મેળવી તેમની ઉચ્ચ કારકીર્દી પ્રાપ્ત થાય તે બદલ બાયડ કેળવણી



મંડળના અધ્યક્ષશ્રી , ચેરમેનશ્રી, મંત્રીશ્રી , સહમંત્રીશ્રી તથા શાળાના આચાર્યશ્રી, સુપરવાઈઝરશ્રી તેમજ શાળા સાયન્સ પ્રવાહના માર્ગદર્શી શિક્ષકો અને શાળા પરિવારે શુભકામનાઓ પાઠવી છે.